Seat No. : _______________

# NE-136

**November-2018**

**M.A, Sem.-III**

**502 : Gujarati**

**(ગુજરાતી ભાષાવિચાર અને વિનિયોગી ભાષાવિજ્ઞાન)**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

1. (A) ગુજરાતી ભાષામાં ભાષાવૈજ્ઞાનિકોએ કરેલા પ્રદાનની રૂપરેખા આપો. **14**

**અથવા**

સમીક્ષાત્મક નોંધ લખો : (બંને)

(1) કે.કા. શાસ્ત્રીનું ભાષાક્ષેત્રે પ્રદાન જણાવો.

(2) બોલી વિજ્ઞાનમાં શાંતિભાઈ આચાર્યનું પ્રદાન મૂલવો.

(B) કોઈપણ **ચાર** પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : **4**

(1) નર્મદાશંકરે આપેલા કોશનું નામ જણાવો.

(2) 'ફારસી શબ્દનો વ્યુત્પત્તિ કોશ' કોણે આપ્યો છે ?

(3) 'ભાષા પરિચય અને ગુજરાતી ભાષાનું સ્વરૂપ' કોનું પુસ્તક છે ?

(4) લઘુ પ્રયત્ન 'હ' ની ચર્ચા કોણે કરી છે ?

(5) પ્રબોધ પંડિતના કોઈ એક પુસ્તકનું નામ આપો.

(6) કમળાશંકર ત્રિવેદીના કોઈ એક ભાષાવિષયક ગ્રંથનું નામ જણાવો.

(7) 'સિદ્ધહૈમ શબ્દાનુશાસન' ગ્રંથના કર્તા કોણ છે ?

2. (A) પ્રબોધ પંડિતના સમગ્ર ભાષા વિષયક કાર્યને મૂલવો. **14**

**અથવા**

ટૂંકનોંધ લખો : (બંને)

(1) નરસિંહરાવનું ભાષાક્ષેત્રે પ્રદાન

(2) ટી.એન. દવેનું ભાષાવિષયક કાર્ય

(B) કોઈપણ **ચાર** પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : **4**

(1) 'જોડણી વિશે નિબંધ' લખનારનું નામ જણાવો.

(2) 'ગુજરાતી ભાષામાં વર્ણવ્યવસ્થા' ગ્રંથના કર્તા કોણ છે ?

(3) 'પંચરંગી ભાષા સમાજ' કોનું પુસ્તક છે ?

(4) 'ગુજરાતી ભાષાનું ધ્વનિ સ્વરૂપ અને ધ્વનિ પરિવર્તન' કોનું પુસ્તક છે ?

(5) 'વ્યાકરણ વિમર્શ' ગ્રંથના કર્તા કોણ છે ?

(6) 'ગુજરાતી વ્યાવહારિક વ્યાકરણ' ગ્રંથના કર્તાનું નામ શું છે ?

(7) 'ગુજરાતી ભાષાનો લઘુકોશ'ના કર્તાનું નામ શું છે ?

3. (A) ભાષાવિજ્ઞાન ક્ષેત્રે યોગેન્દ્ર વ્યાસનું પ્રદાન મૂલવો. **14**

**અથવા**

સમીક્ષાત્મક નોંધ લખો : (બંને)

(1) હરિવલ્લભ ભાયાણીનું ભાષાવિષયક કાર્ય

(2) ઊર્મિ દેસાઈનું ભાષાવિષયક પ્રદાન

(B) કોઈપણ ત્રણ પ્રશ્નોના જવાબ ટૂંકમાં આપો : **3**

(1) બોલી વિજ્ઞાન ક્ષેત્રે કામ કરનારા કોઈ એક ભાષા વૈજ્ઞાનિકનું નામ આપો.

(2) 'ભાષાશાસ્ત્રની કેડીએ' પુસ્તક કોનું છે ?

(3) 'વ્યુત્પત્તિ વિચાર' પુસ્તક કોનું છે ?

(4) 'સામાજિક ભાષાવિજ્ઞાન' પુસ્તકના કર્તા કોણ છે ?

(5) 'થોડોક વ્યાકરણ વિચાર' ગ્રંથ કોનો છે ?

4. (A) સામાજિક ભાષાવિજ્ઞાનનું મહત્ત્વ સમજાવી, ભાષાવિજ્ઞાન ક્ષેત્રે તેની અગત્યતા સમજાવો. **14**

**અથવા**

ટૂંકનોંધ લખો : (બંને)

(1) મનોભાષા વિજ્ઞાન

(2) ભાષાક્ષેત્રે સામાજિક ભાષા ભેદ

(B) કોઈપણ ત્રણ પ્રશ્નોના જવાબ ટૂંકમાં આપો : **3**

(1) સામાજિક ભાષાવિજ્ઞાન ક્ષેત્રે કામ કરનાર કોઈ એક ભાષા વૈજ્ઞાનિકનું નામ જણાવો.

(2) મધમાખીઓનો પ્રયોગ કયા વિજ્ઞાનની વાત કરે છે ?

(3) કોઈપણ સમાજને સામાજિક વ્યવહાર માટે શાની જરૂર પડે છે ?

(4) નર્મકોશનાં કેટલા ભાગ છે ?

(5) 'ગુજરાતી રૂપરચના' કોનું પુસ્તક છે ?